મારી ઈર્ષા કરનારો મને
અભિનંદે છે.. એને પોતાને
ખબર ન પડે એવી રીતે
- લાઓત્ઝુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૭ | ૩૦ નવેમ્બર, ૨૦૧૪, રવિવાર ; માગશર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# મનપા જાહેર માર્ગો પર ડસ્ટબીન મુકશે

## ફાયર એન.ઓ.સી. માટે પણ નવા નિયમો કરાશે : સોમવારે નિર્ણય

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા હવે ગાંધીનગર શહેર અને ગુડા વિસ્તાર સિવાયના વિસ્તારોમાં ફાયરનું એન.ઓ.સી. આપવા માટેના દર અને નિયમો બનાવશે.

સોમવારે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ચેરમેનશ્રી આશિષ દવેના અધ્યક્ષસ્થાને મળનાર બેઠકમાં આ અંગેની વિધિવત દરખાસ્ત મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા રજુ કરાશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સફાઈ અભિયાનને વેગીલું બનાવવાના ભાગ રૂપે ગાંધીનગર મહાનગરપાલિકાના મુખ્ય માર્ગો અને ચાર રસ્તાઓ ઉપર ખાસ ડસ્ટબીન મુકવામાં આવશે. જેથી જાહેરમાં કચરો ફેંકનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરી શકાય.

ગાંધીનગર શહેરને વાયબ્રન્ટ સમીટ પૂર્વે અર્થાત ૩૧ ડિસેમ્બર સુધીમાં ચોખ્ખું ચણાક શહેર બનાવવા માટે કરવામાં આવેલી તાકીદને પગલે તંત્રએ આ અંગેની દરખાસ્ત તૈયાર કરીને તાબડતોબ સ્થાયી સમિતિ સમક્ષ મંજુરી માટે રજુ કરી દીધી છે.

સોમવારે મળનાર બેઠકમાં આ મુદ્દે પણ ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે. ઘેર ઘેર ડસ્ટબીન આપવાનો પ્રોજેકટ જે મંથરગતિએ ચાલી રહ્યો છે. તેના પર પણ આ બેઠકમાં ચર્ચાઓ થાય તેવી શકયતાઓ છે.

જાહેર માર્ગો પર ડસ્ટબીન મુકવામાં આવશે. જો કે મુખ્ય માર્ગો પર કેટલા ડસ્ટબીન મુકાશે અને તેની ડિઝાઈન કે સાઈઝો વિશે સોમવારની બેઠકમાં ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે.














